સાલ : ૨૧ / સિલસિલાવાર નંબર : ૧૮૦ / શુમારો : ૬ કુલ પાના - ૧૬

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. ઝુલ કાઅદતિલ હરામ-ઝુલ હિજ્જતિલ હરામ ૧૪૪૫ / મે-જૂન ૨૦૨૪

## હવા

આ **"હવા"** ના લફઝથી હમને એમ ખયાલ આવે છે કે, તેનો તઅલ્લુક આગ, પાની કે ઝમીન સાથે હોવો જોઈએ. મગર આ તે હવા નથી કે, જેને હમેં ફિઝામાં મહેસૂસ કરીએ છે યા આબો હવા છે તે યા હમેં સૉંસ લેતી વક્ત લઈએ છે તે. આ **"હવા"** હમેં ઈન્સાનના ગરઝ, મતલબ, લાલચ, મનમાની, ઝિદ્દ, અક્કડપણું, મન-ઘડીત વાતોં અને ઝહેની ફિત્ના સાથે તઅલ્લુક રાખે છે. મનમાની, ઝહેની ફિત્નો જેને હવાનફસી કહે છે, તે વક્ત વુજૂદમાં આવે છે કે, જે વક્ત ઝહેન-દિમાગ ખાલી હોય યા અધુરૂં ભરેલું હોય. યાઅની કે, એ શખ્સ જાહિલ હોય યા અડધો જાણકાર હોય. આનો નતીજો એ થાય છે કે, એના ઝહેનમાં બીજા ફિત્નાખોરોની જૂઠી વાતો ઘર કરી જાય છે અને પછી એનામાં હવાનફસીનો શયતાન જનમ લે છે.

કુરઆને કરીમમાં અલ્લાહતઆલા હવાનફસી વાસ્તે સાફ-સાફ આયતો ફરમાવે છે. મુખ્તલિફ સૂરતોમાં આ તરહ બયાન આવેલું છે. "અય મુમેનીન ! તમેં ઈન્સાફ પર કાઈમ રહો. તેને અંજામ આપવામાં મનમાની ના કરો, તમારી ઝબાનને દવાબી ના દો યા મૂઁહને ફિરાવી ના દો. તમારા તમામ આઅમાલથી અલ્લાહતઆલા ખબરદાર છે." "અય દાઊદ નબી ! હમેં તમને ઝમીનમાં ખલીફા બનાવા છે, તો તમારા ઉપર લાઝિમ છે કે, તમેં લોગોના દરમિયાન હક્કથી ફેસલો કરો. **તમેં હરગિઝ તમારી મનમાની-હવાનફસીને તાબેઅ ના થાજો,** કેમકે તે તમને અલ્લાહના રસ્તાથી ભટકાવી દેશે. હવે જે લોગો અલ્લાહની રાહથી ભટકી જાય છે, તેઓ વાસ્તે શદીદમાં શદીદ અઝાબ છે, સબબ કે તેઓ યૌમે હિસાબ-યૌમે કેયામતને ભુલી ગયા છે."

અલ્લાહતઆલા જન્નતની ઝમાનત તે શખ્સ વાસ્તે અતા કરે છે, જે તેના મકામ અને અઝાબનો ખૌફ રાખીને ગુનાહોથી પરહેઝ કરે છે. આમ કરવું એની હવાનફસીને ખત્મ કરી દે છે. એ સમઝે છે કે, અલ્લાહ એને હર વક્ત જોઈ છે અને તે અલ્લાહના ઈમામને હર અમલ વાસ્તે એને જવાબ આપવાનો છે. લેહાઝા, ઈમામની તસ્લીમો રઝાના સબબ એ પોતાની મનમાનીને છોડી દે છે.

મૌ.અબ્દુલ્લાહ બિન અબ્બાસ બિન અબ્દિલ મુત્તલિબ (અ.સ.) ફરમાવે છે કે, એક રાતે હમેં ઈશાઈલ આખેરતની નમાઝથી ફારિગ થયા કે, જે વક્ત નબી સાહેબ હમારા સાથે જ હતા. આપે ફરમાવું કે, સવાર થાતા જ **તમારામાંથી કોઇ એક શખ્સના ઘરમાં તારો પડશે** અને એનો ઈકબાલ ઘણો જ બલંદ થાશે, યાઅની કે, તારો પડવાના સબબ, એ જ શખ્સ મારા વસી, મારા જાઁનશીન અને મારા બાદ મારી ઉમ્મતના ઈમામ અને ખલીફા હશે.

નબવી ફરમાન મુતાબિક હર શખ્સ પોત-પોતાના ઘરમાં તારો પડવાના ઈન્તેઝારમાં બેસી રહ્યા કે, જેમાં મારા બાવાજી મૌ.અબ્બાસ સઘલા કરતા ઝિયાદહ ઉમ્મીદવાર હતા. **ફજર થાતાના સાથે જ મૌ.અલી સાહેબે ઝુલફિકારના**

(બકીયહ પેજ નં. ૨ પર)

**મોટી ઉમ્મીદ કરવાથી ગુનાહનો ખૌફ રહે છે.**

(પેજ નં. ૧ નું બાકી)

**ઘરમાં તારો નાઝિલ થયો.** જે વક્ત પાછા તમામ જમાઅ થયા અને નબી સાહેબે તમામથી અખ્બાર જાણા, તો આપે મૌ.અલીને ફરમાવું કે, અય અલી ! તે અલ્લાહ જલ્લા શાનોહૂના કસમ કે, જેએ મને નુબૂવતથી મખ્સૂસ કીધા, તમારા વાસ્તે આ વાકેઆ બાદ મારા દરજા બાદ વસીયત, ખિલાફત અને ઈમામત વાજિબ થઈ છે. અય અલી ! અલ્લાહતઆલાની મરઝી છે કે, તમેં મારા જાઁનશીન બનો.

આ વાતને સાંભલીને અબ્દુલ્લાહ બિન ઊબય અને એના સાથીઓ મુનાફિકો મઝાકીયહ લહેજામાં બોલા કે, **" મોહંમદ પોતાના કાકાના દિકરાની મોહબ્બતમાં ગુમ થઇ ગયા છે અને બહેકી ગયા છે અને ખુદની ખ્વાહિશથી મનમાની કરીને બોલે છે. "** આ વાકેઆથી એક વાત સાફ થાય છે કે, નબી પોતાની ઝાતથી કઈ જ નથી ફરમાવતા, મગર અલ્લાહતઆલા તરફથી તે વાસ્તે ફરમાન હોય છે. અલ્લાહતઆલાની આયતો મુતાબિક આ શરીઅત છે. એક ઝર્રા બરાબર પણ કોઈની દખલગીરી તેમાં ચાલતી નથી. જો આમ થયું તો દીન-શરીઅત પર ઈલાહી રંગ નહીં, મગર ઈન્સાની ખ્વાહિશાતનો કલર ચઢી જાય છે.

મનમાની-હવાનફસી, તમામ બિદઅતો, ફિત્નાઓ અને ફસાદની માઁ છે. તારીખની કિતાબોમાં હમેં નઝર કરીએ તો હમને માઅલૂમ પડશે કે, હમારા મઝહબના જેટલા મસલકો, ફિરકાઓ, ફાંટાઓ, વાડાઓ, ગિરોહો થયા છે, તે ફક્તને ફક્ત હવાનફસીની બિના પર છે. નફસાની નાપાક-ગૈર ઝરૂરી ખ્વાહિશાત જે વક્ત જાગે છે, તો તેને પાર પડવા એ શખ્સ તરહ-તરહના હઠકંડા આઝમાવે છે અને શયતાન એને ગુમ્રાહીના રસ્તે લગાવી દે છે. રઈસ બનીને જે શખ્સ બિદઅતો રાઈજ કરે છે, એની સરદારીને માતહત બીજા **હઝારો લોગો એની ઝબાનની ચાલાકીમાં ફસાયને તે બિદઅતોનો શિકાર બને છે** અને આ તરહ એ શખ્સ એક નવા ફિરકાની શિક્લ ઊભી કરી દે છે અને પોતાની ખ્વાહિશાતને અંજામ આપે છે.

**નાપાક નફસની હવાથી કોઇ શખ્સ કઇ કઇ તરહની બિદઅતો પૈદા કરી શકે છે :**

- ⇨ નવી-નવી નમાઝોને ઈજાદ કરશે.
- ⇨ દાઈયુલ્લાહ કરતા માઁ-બાપની ઈઝઝત વધારે કરશે.
- ⇨ દાઈયુઝઝમાન કરતા ગુઝરી ગયેલા દાઈઓને વધારે માનશે.
- ⇨ ઝકાતના પૈસા ગરીબોમાં આપી દેશે.
- ⇨ વાજેબાત ના આપીને સદકા કરા કરશે.
- ⇨ લંબી-લબી નમાઝો પઢશે.
- ⇨ કોઈનું ઈઝન મિલવા પર જમવા આવવાને બદલે કોઈ બહાનાથી એને કવર મોકલી આપશે.
- ⇨ સાહેબે દાઅવતના બયાનના વક્ત નમાઝ પઢશે, કુરઆન પઢશે યા ઉઠીને ચાલા જાશે.
- ⇨ મસ્જિદમાં ફક્ત ફરઝ પઢશે.
- ⇨ ઈમામતની નમાઝમાં પોતે અલ્લાહો અકબર બોલશે.
- ⇨ બગૈર કોઈ સબબ તાઅરીફ કરા કરશે.
- ⇨ નિસ્ફિલ્લૈલ ઘરમાં પઢશે.

(બકીયહ પેજ નં. ૭ પર)

**હદથી ઝિયાદહ બોલવાથી ગુનાહનો ખૌફ રહે છે.**

## મઝબૂત બુનિયાદ
## ઈદે ગદીરે ખુમ્મ : ૧૮ ઝુલ હિજ્જહ

- ✱ ઝરીન મૌકો : નસ્સ ફરમાવવી, જાઁનશીન બનાવવા, કાઈમ મકામી ઈઝહાર કરવી.
- ✱ હુકમ કરનાર : અલ્લાહ સુબ્હાનોહુ વ તઆલા.
- ✱ અહેમીયત : ઈમાનો ઈસ્લામનો એક અહમ રૂકન, પાયો અને સુન્નત.
- ✱ જગા-મકામ : મક્કા અને મદીનાના દરમિયાન ગદીરે ખુમ્મ, જોહફા.
- ✱ તારીખ : ૧૮ ઝુલહિજ્જહ ૧૦ હિ.
- ✱ નસ્સ ફરમાવનાર : સૈયેદુલ અંબિયા મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.)
- ✱ જે સાહેબ પર નસ્સ કરવામાં આવી : નબી સાહેબના કાકાજીના દીકરા, આપના દામાદ, હર વક્ત આપના સાથે રહેનાર, આપની અમાનતો ને અદા કરનાર, મદદગાર, નાસિર મૌ.અલીયુલ મુરતઝા (અ.સ.).
- ✱ તારીખી યાદગાર : નબી સાહેબે આખિરી વક્ત હજ્જ પછી તેના દરમિયાન.
- ✱ નસ્સ કીધા બાદ ઈસ્લામનો ક્યો અહમ રૂકન ઝાહિર થયો ? : મૌ.અલીએ આઅલાની મોહબ્બત અને વલાયત.
- ✱ રૂકને વલાયતની બુનિયાદ શું છે ? : આલે મોહંમદના ઈમામે હક્ક ને બયઅત-મીસાક આપવો.
- ✱ શું આ સુન્નત પહેલા હતી ? : હાઁ, હર નબીના દૌરમાં આ સુન્નત કાઈમ હતી.
- ✱ આ ઈદનું નામ શું છે ? : ઈદુલ્લાહિલ અકબર, ઈદે ગદીરે ખુમ્મ, આસમાનમાં "યૌમુલ અહદિલ માઅહૂદ" અને ઝમીનમાં "યૌમુલ મીસાકિલ માઅખૂઝ વલ-જમ્ઈલ મશહૂદ"
- ✱ આ મુબારક દિનના રોઝાની શું કૈફીયત છે ? : રોઝું રાખવું ફરઝ છે. કોઈ તેને મુકી દે તો વાલે.
- ✱ શું કોઈ મખ્સૂસ નમાઝ છે ? : હાઁ, બે રકઅતની મખ્સૂસ નમાઝ છે જે ઝોહરના વક્ત પર પઢવામાં આવે છે.
- ✱ આ દિન વાસ્તે કઈ રિવાયત મશ્હૂર છે : પાઁચમાં ઈમામ મૌ.જાઅફર અસ-સાદિક (અ.સ.) અને આપના શીઆ અબદી ના દરમિયાન મુકાલેમો મશ્હૂર છે.
- ✱ કુરઆને કરીમની કઈ આયત આ દિન સાથે મુન્સલિક છે, જોડાયેલી છે ? : "અલ-યૌમા અકમલતો લકુમ દીનકુમ .....", અને "બલ્લિગ મા ઉન્ઝેલા ઈલયકા મિર્રબ્બેકા .....".
- ✱ આ સુન્નતે અલવીયહથી જહાનમાં કયો લફઝ આશ્કાર થયો ? : "મૌલા" નો લફઝ.
- ✱ આ દિન વાસ્તેની હદીસે નબવી મુજબ કઈ ચીઝ મૌ.અલીએ આઅલાને પાછલ-પાછલ ફિરે છે : "હક્ક".
- ✱ આ દિનના રોઝા-નમાઝ વાસ્તે અલ્લાહતઆલા કેટલો સવાબ અતા કરે છે ? : એક લાખ હજ્જ અને એક લાખ ઉમ્રહનો સવાબ.
- ✱ આ દિનના રોઝા ઈફતારીનો સવાબ કેટલો બતાવવામાં આવો છે ? : એક મુમિનને રોઝા ઈફતારી કરાવવામાં દસ લાખ નબીઓ (નબીયીન), વસીઓ (સિદ્દીકીન), ઈમામો (શોહદા) અને દોઆત (સાલેહીન) ને અલ્લાહતઆલાના હરમમાં જમાડવા બરાબરનો સવાબ છે.
- ✱ ઈદે ગદીરે ખુમ્મમાં કૌન માને છે ? : મૌ.અલીએ આઅલાને રસૂલુલ્લાહ બાવાજીના જાઁનશીન, વાલી, વારિસ, કાઈમ-મકામ માનનાર લોગો.

(બકીયહ પેજ નં. ૪ પર)

**નમાઝને તર્ક કરવાથી ગુનાહનો ખૌફ રહે છે.**

(પેજ નં. ૩ નું બાકી)

* અપના વાસ્તે આ દિન કઇ તરહ મુમ્તાઝ છે ? : મૌ.અલીએ આઅલા, વસીએ રસૂલ બનીને વસાયતના દરજએ મુબારકહ પર ફાઇઝ થયા.
* શું વસી અને ઈમામ એક જ છે ? : ના, વસીનો દરજો રૂહાનીયતના એઅતેબારથી ઈમામ કરતા ઊંચો છે. અપને મૌ.અલીએ આઅલાને વસી માનીએ છે, ઈમામ નહીં.
* ઈમામતનો દરજો કયો કહેવાય ? : વસાયત પછી ઈમામતનો દરજો આવે, યાઅની, ઈમામનો સિલસિલો વસીમાંથી જારી થાય. વસી હમેશા ઈમામ કરતા અફઝલ હોય. જેમ મૌ.અલીએ આઅલા આપના દીકરાઓ મૌ.ઈમામ હસન (અ.સ.) અને મૌ.ઈમામ હુસૈન (અ.સ.) કરતા અફઝલ છે.
* ઈદે ગદીરે ખુમ્મનું દિલ શું છે ? : સાહેબે હક્કને મૌ.અલીએ આઅલા અને આપના શાહઝાદા મૌ.ઈમામુઝ્ઝમાનની વલાયત વાસ્તે બયઅત-મીસાક આપવો.
* શું તમામ શીઆ એક છે ? : ના, નથી. વાકેયએ ગદીરે ખુમ્મનો ઈકરાર તો તમામ કરે છે, પણ અકસર લોગો બયઅતને મુકી બેસા છે. સવાલ એ ઊભો થાય છે કે, કોઇ એક ફિરકામાં દીનના સાહેબની મરકઝીયત જ ના હોય અને ઘણા કહેવાતા આલિમો તે ફિરકાના ઈમામ ખુદને કહેતા હોય, તો આટલા બધા દાવેદારોમાં કૌન, કોને મીસાક આપે. કોઈ એક ઈમામ યા દાઇ હોય તો જ આ મુમ્કિન છે.
* અપને ભારીમાં ભારી કઇ સુન્નતને પકડી રાખી છે : આલે અલીના ઈમામુઝ્ઝમાન (અ.સ.) ને બયઅત આપવાની સુન્નતને કે જેના વાસ્તે દાઇયુઝ્ઝમાન (ત.ઉ.શ.) ઝરીઓ બને છે.
* શું હર સાલ આ દિન ઈમામુઝ્ઝમાન (અ.સ.) ને બયઅત આપવી ઝરૂરી છે ? : હાઁ, આ બાબરકત દિને હરએક અપની જમાઅતના ફર્દ, મુમિન-મુમેનહ જે બાલિગ હોય, તમામે તમામ પર દાઇયુઝ્ઝમાન (ત.ઉ.શ.) ની હઝરતે આલીયહમાં ઈમામુઝ્ઝમાન (અ.સ.) ને બયઅત આપવી વાજિબ છે. જેમ હર દિન વુઝૂ નવી કરવામાં આવે છે અને નમાઝ તેના વક્ત પર પઢવામાં આવે છે, તેમ બયઅતનો અમર છે. જિસ્મની તરો તાઝગી વાસ્તે હર દિન જમન જમવું લાઝિમી બની જાય છે. તે જ તરીકાથી નફસ-જાનની ચમક અને ખૂબસૂરતી વાસ્તે હર સાલ મીસાક આપવું લાઝિમી બની જાય છે.
* કઇ કૈફીયત પર અપની જમાઅતમાં બયઅત થાય છે ? : બયઅતને વક્ત દાઈયુઝ્ઝમાન (ત.ઉ.શ.) નો હાથ બયઅત આપનાર મુમિન મુસ્તજીબના હાથ ઉપર હોય છે. આ તરહએ એમ સફકત-વચન આપે છે કે, પોતે દીનો ઈમાનના હર હુકમ પર ચાલશે. નરમ યા સખ્ત હાલાતમાં, ખુશી યા ગમી ના વક્તમાં હુક્મે દાઇને સરે તસ્લીમ કરશે. તો જ એ અજરે અઝીમનો હક્કદાર થાશે, નહીં તો, એ એની ઝાત પર ભારી ઝુલ્મ કરી બેસશે. બયઅત આપા બાદ મૌત તક તેને નિભાવવું અઝહદ લાઝિમ છે.
* બયઅત તોડનાર વાસ્તે શું હુક્મ છે ? : દાઈયુઝ્ઝમાન (ત.ઉ.શ.) કે જેની હઝરતમાં બયઅત આપવામાં આવો હોય, એ સાહેબ ખતા કરનાર શખ્સને મુઆફ ના કરે અને એનાથી પાછી બયઅત ના લે, વહાઁ તક એના કોઇ અમલ સહી ગિનાશે નહીં. બયઅતની દુરૂસ્તગી જહાઁ તક ના થાય, વહાઁ તક તમામ આઅમાલ રાએગા-ઝાયેઅ થઇ જાશે.
* ૧૮ ઝુલ હિજ્જહ સિવાય પણ બયઅત આપી શકાય : હાઁ, આપી શકાય. જો સાહેબે હક્ક કોઇ શખ્સ વાસ્તે દીનદારી યા અકીદમાં ફસાદ-શકની બિના પર બયઅત તલબ કરે, તો એ શખ્સને તે જ વક્ત બયઅત અરઝ કરી દેવો જોઇએ.

(બકીયહ પેજ નં. ૭ પર)

**બીજાના ઐબ નિકાલવાથી ગુનાહનો ખૌફ રહે છે.**

## લફઝી કશ-મ-કશ


**✵ ઉભી તરકીબ :**

૧) ---- કરવી, ઈતર લગાવવું અને દાંતન કરવું, આ ત્રણે ચીઝો રસૂલુલ્લાહ બાવાજીની ઐન સુન્નતો માંથી છે. (૨)

૨) શયતાનનો શિકાર જે શખ્સ થાશે, એ અલ્લાહના ----- નો શિકાર થાશે. (૩)

૩) અલ્લાહતઆલાએ ઈન્સાનને યા આસ્માનો ઝમીનને ----- બાઝીમાં યા બગૈર કોઈ મકસદ પૈદા નથી કીધા. (૩)

૭) પરહેઝગારીનો લફ્ઝ બોલવો ખૂબ આસાન છે મગર તે વાસ્તે આઅમાલ કરવા લોખંડના ---- ચાવવા મુજબ છે, યાઅની ખૂબ ખૂબ મુશ્કિલ છે. (૨)




**✵ આડી તરકીબ :**


૨) ખુમ્મના ----- માં આકા અલી (અ.સ.) ની મીસાકની પાકીઝા નહેર જે જારી થઈ, તે આજ તક અપની જમાઅતે અલવીયહમાં રવાઁ-દવાઁ છે. (૩)

૪) હિકમતની બયાનીની ગહેરાઈ એવી હોય છે કે, તે ચંદ લોગોને સમઝમાં આવે અને ચંદને સમઝમાં ના આવે. ચંદનો બીજો લફ્ઝ કયો છે? (૨)

૫) પાની એક ગ્લાસ કરતા વધારે પણ પી શકાય. શરબત એક ગ્લાસ ની હદ તક પી શકાય. પણ ---- એવી ભારી ચીઝ છે કે, તે ફક્ત ચાટી શકાય. (૨)

૬) પોતાની આમદની માંથી જે શખ્સ થોડી-થોડી ----- કરશે એ તકલીફ ના વક્તમાં ઘરનો નિભાવ બહેતર તરીકાથી કરી શકશે. (૩)

**ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**




**નોંધ :** લફઝી કશ-મ-કશના કૉલમના સવાલાતનો હલ આ સાથે જ આખિરમાં ઊંધા જવાબો પ્રિન્ટ કરીને આપવામાં આવો છે. કારેઈનથી ઈલ્તેમાસ છે કે, પહેલા સવાલાતને હલ કરવાની કોશિશ કરે અને પછી ખુદ જ પોતાના જવાબો સહી છે કે ગલત, તેની તફતીશ કરે. ✫

જવાબો : ઉભી તરકીબ : (૧) શાદી (૨) ગઝબ (૩) રમત (૭) ચણા / આડી તરકીબ : (૨) ગદીર (૪) બાઝ (૫) મધ (૬) બચત

## આઈનએ દરસે હાતેમી

✣ અલ્લાહતઆલા ફરમાવે છે કે, તમેં ભલાઈને હરગિઝ હાસિલ નહીં કરો જહાઁ તક તમેં તમારી મેહબૂબ-તરીન ચીઝને, ખૂબ મનગમતી ચીઝને અલ્લાહની રાહમાં ખર્ચશો નહીં. ઈન્સાનને પોતાની મનપસંદ ચીઝથી દિલી લગાવ હોય છે. તે ચીઝને બીજાને આપવું એના વાસ્તે ખૂબ દુશ્વાર હોય છે, હર વક્ત એ એમ કોશિશમાં રહે છે કે, તે ચીઝ એના કબ્ઝા-કાબૂમાં રહે. મગર ભલાઈ તો એનામાં છે કે, જે ચીઝ કોઈ પોતાના વાસ્તે પસંદ કરતો હોય તેને બીજા વાસ્તે પણ પસંદ કરે. ભલાઈની બુનિયાદ જ બીજાના દિલમાં ખુશીને દાખિલ કરવું છે. અંબિયા-ઔસિયા (અ.સ.) ને અબ્રાર (ભલા લોગો) એટલા વાસ્તે જ કહેવાય છે. તેઓએ પોતાની પૂરી ઝિંદગી મુમેનીનની ભલાઈ અને બેહતરીમાં વકફ કરી દીધી. મૌલાના અલી (અ.સ.) નો લકબે ખાસ સૈયેદુલ અબ્રાર છે, યાઅની ભલા લોગોના સરદાર.

(બકીયહ પેજ નં. ૧૦ પર)

**વારંવાર હસવાથી ગુનાહનો ખૌફ રહે છે.**

## વઝકુર ફ્લિ કિતાબે ઈસ્માઈલ
## મૌ.ઇમામ ઇસ્માઇલ બિન મૌ.ઇમામ અસ-સાદિક (અ.સ.) ની તારીખે ઇસ્માઇલી - કિસ્ત-૨

મૌ. ઈમામ જાઅફર અસ સાદિક (અ.સ.) નસ્સના ઈખ્તેલાફના મસ્અલામાં આપના ચંદ ફરઝંદોને ફરમાવતા હતા કે, "અલ્લાહતઆલાએ જે કહેલું છે, તે જ મુજબ થયેલું છે અને મારા ફરઝંદ અને તમારા મોટા ભાઈ મૌ.ઈસ્માઈલ (અ.સ.) ની બાબતમાં પણ આ જ મુજબ થયું. યાઅની કે, આગલા ઝમાનામાં મૌ.આદમ સફીયુલ્લાહ (અ.સ.), મૌ.ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) અને મૌ.મૂસા કલીમુલ્લાહ (અ.સ.) આ તમામ નબીઓ-નાતિકોના કાઈમ મકામ-વસીઓ, પોતાના નબી જે એમના ઉપર નસ્સ ફરમાવનાર હતા એમની હયાતી-ઝિંદગીમાં જ વફાત થયેલા છે.

મૌ. ઈમામ જાઅફર અસ-સાદિક (અ.સ.) એ આપના બાદ આપના વાલી-વારિસ તરીકે આપના ફરઝંદે બાકમાલ મૌ.ઈસ્માઈલ પર નસ્સ ફરમાવી. પણ બહિકમતે ઈલાહીયહ મૌ.ઈસ્માઈલ વફાત થાવાના સબબ મૌ.અસ-સાદિકના બીજા ફરઝંદોમાં ઈખ્તેલાફ પૈદા થયો કે, જેઓ માંથી એક પણ નસ્સે ઈમામત અને નૂરે જારી વાસ્તે કાબિલ અને લાઈક ન હતા. આ હકીકત ને બાવુજૂદ તમામે પોત-પોતાના ગિરોહ બનાવીને ઈમામ હોવાનો દાઅવો કીધો. આ બાબતમાં પણ ત્રણ વજેહ અને રૂખ છે.

- **વજેહ પહેલી :** મૌ.ઈસ્માઈલ વફાત થયા તે બાદ મૌ.અસ-સાદિક એ આપના કોઈ એક ફરઝંદ પર નસ્સ કીધી, તે વાતના બાવુજૂદ કે, મૌ.ઈસ્માઈલ ના ફરઝંદ દુનિયામાં મૌજૂદ હતા. સિલસિલએ ઈમામતને આગલ વધારવા વાસ્તે એ ફરઝંદ કાબિલ હતા.
- **વજેહ બીજી :** આપે બીજા ફરઝંદ પર નસ્સ કીધી, કેમકે મૌ.ઈસ્માઈલ કોઈ ફરઝંદ મુકા બગૈર ગુઝરી ગયા હતા. યાઅની કે, એક ઈમામે પોતાના એ ફરઝંદ પર નસ્સ કીધી કે, જેને કોઈ ફરઝંદ જ થાનાર ન્હોતા.
- **વજેહ ત્રીજી :** આપે આપના કોઈ પણ ફરઝંદ પર નસ્સ કીધી જ નહીં, કેમકે, મૌ.ઈસ્માઈલ પર પહેલા નસ્સ થઈ ચુકી હતી અને એ વફાત થઈ ચુકા હતા. યાઅની કે, એક ઈમામ નસ્સ કીધા બગૈર જ દુનિયાથી ચાલા ગયા.

જો અગર મૌ. અસ-સાદિક એ મૌ.ઈસ્માઈલ પર નસ્સ ફરમાવી અને આપના વફાત બાદ આપના ફરઝંદ હતા, તો મૌ.અસ-સાદિક આપના ઝમાનામાં એક ઈમામની હૈસીયતથી કારે ઈમામતની હર ચીઝ પર હાકિમ હતા, મુખ્તાર હતા. આપ ઈમામતની નસ્સ યા તેને લગતી ઝિમ્મેદારીઓ એક કાબિલ શખ્સને સોંપા બગૈર ગુઝરી જાય, તે નામુમ્કિન હતું. આપ, નૂરે ઈમામત અને તજલ્લીએ ઈસ્મત આપના ફરઝંદો માંથી કોઈ એકની પૈશાની પર જોઈ શકતા હતા અને એ હતા મૌ.ઈસ્માઈલ. **તે બાદ આ જ ખુસૂસીયત આપે મૌ. ઇસ્માઇલના ફરઝંદ મૌ. મોહંમદની પૈશાની પર જોઇ.** મૌ.ઈસ્માઈલ આપના નૂરે ઈમામતના માલિક-વારિસ થયા. અવામ ના કહેવા મુજબ જો મૌ.અસ-સાદિક એમના ઝમાનામાં મૌ.ઈસ્માઈલ ના વફાત પછી જો કોઈ બીજા ફરઝંદ પર નસ્સ કરે તો મૌ.ઈસ્માઈલ જેના પર નસ્સ થઈ ચુકી હતી, એમના ફરઝંદ મૌ.મોહંમદ ની મીરાસે ઈમામ, યાઅની બાવાજી પછી દીકરાની ઈમામત સુલ્બ થઈ જાય, મિટી જાય. આ તરહનો વહેમ અને ઝુલ્મ મૌ.અસ-સાદિકની ઈસ્મત અને ઈમામતની સેહત વાસ્તે નાજાઈઝ અને નામુનાસિબ છે.

યાદ રહે કે, રસૂલુલ્લાહ બાવાજી એ આપના બેવે નવાસા મૌ.હસન અલ-મુજતબા (અ.સ.) અને મૌ.હુસૈન સૈયેદુશ્શોહદા (અ.સ.) પર સાથે નસ્સ ફરમાવી હતી. મગર મૌ. હસનના ફરઝંદમાં ઈમામત સુલ્બ થઈ ગઈ અને

(બકીયહ પેજ નં. ૭ પર)

**ઝોરથી બોલવાથી ગુનાહનો ખૌફ રહે છે.**

(પેજ નં. ૨ નું બાકી)

⇨ માતમે હુસૈની તો કરશે પણ નમાઝમાં કચાશ રાખશે.

⇨ આશૂરા સાહેબે દાઅવત સાથે કરશે પણ મોહર્રમના બીજા અય્યામમાં બીજી જગાઓ પર રોવા જાશે.

⇨ ફાલ બતાવવા બાપુઓને ત્યાં દોડશે.

⇨ મજલિસો વઅઝમાં નહીં આવે મગર નિયાઝનું જમવા પહેલા જાશે.

⇨ કબર આગલ આવશે મગર તેની ઝિયારતથી યા ચુમવાથી પરહેઝ કરશે.

⇨ ખત્મુલ કુરઆન-સદકલ્લાહની દોઆ સાંભલા બગૈર કબ્રસ્તાનથી નાંસી છુટશે.

⇨ અરકાન-આઅમાલની યા દોઆઓ પઢવાની કોઇ તૈયારી કીધા બગૈર ઉમરહ-હજ્જ-ઝિયારત વાસ્તે ચાલા જાશે.

⇨ શરીઅતની મોટી-મોટી વાતો કરશે, મગર પાખાના-વૉશરૂમ અને જમવાના આદાબથી જ ગાફિલ અને બેખબર હશે.

⇨ એક દિનમાં પાઁચ ફરઝ પઢવા લાઝિમ છે, તો કહેશે કે વધારે હોવા જોઈતા હતા.

⇨ એક મહીનાના રોઝા ફરઝ છે, તો કહેશે કે હજી ઝિયાદહ હોવા જોઈતા હતા.

⇨ ઝિંદગીમાં એક વાર દૌલતમંદ વાસ્તે હજ્જ ફરઝ કરવામાં આવી છે તો કહેશે કે, હર સાલ હોવી જોઈતી હતી. ✯

---

(પેજ નં. ૪ નું બાકી)

યહાઁ તક કે, બયઅતનો મુતાલેબો એક દિન માં ત્રણ વાર પણ થાય, તો તે દુરૂસ્ત છે. બયઅત આપનાર શખ્સથી વક્ત ગુઝરતા ગફલતમાં ગુનાહો થાયા કરે છે. આના સબબ એના મીસાકમાં નુકસાન પૈદા થાય છે, જેને શિતાલીથી સહી કરી લેવામાં જ ઈમાનની સેહત સાચવી શકાય છે.

✱ બયઅત ને વક્ત જે મીસાકની ઈબારત-લખાણ પઢવામાં આવે છે તેની શું ફઝીલત છે ? : શીઆઓ અને બોહરાઓના કુલ ફિરકાઓમાં અપની જ એક એવી મુમ્તાઝ જમાઅત છે કે, જેમાં મૌ.ઈમામ મોઈઝ (અ.સ.) ના ઝમાનમાં મિસિરમાં આજથી ૧૧૦૦ સાલ પહેલા જે મીસાકની ઈબારત અરબીમાં પઢાતી હતી, તે લખાણ આજે પણ એ જ શાકેલત અને તૌર-તરીકા પર પઢવામાં આવે છે.

✱ બયઅતના દરમિયાન “નઅમ” બોલવું શું છે ? : “નઅમ” યાઅની હાઁજી. દીનો દુનિયાની હર ચીઝને જિસ્મના કુલ આઅઝાથી કુબૂલ કરવું, ઈકરાર કરવું.

✱ બયઅત કોના વસીલાથી લેવામાં આવે છે ? : જે સાહેબથી અપની દાઅવતે તૈયેબીયહ કાઈમ છે, એ આલે ફાતેમાના ૨૧ માં ઈમામ મૌ.અબુલલ કાસિમ તૈયેબ (અ.સ.) અને આપના શાહઝાદા ઈમામુઝઝમાન (અ.સ.) ના વસીલાથી આપના દાઈના હાથ પર બયઅત લેવામાં આવે છે. ✯

---

(પેજ નં. ૬ નું બાકી)

આપના ભાઈ મૌ.હુસૈનના જ ફરઝંદમાં ઈમામત કાઈમ રહી. **કેયામત તક આ બે ભાઇઓ સિવાય કોઇ બીજા બે ભાઇઓમાં ઇમામત જાઇઝ નથી.** મૌ.હસનનું નૂરે ઈમામત મૌ.હુસૈનમાં રોશન થયું અને તે નૂર પછી મૌ.હુસૈનના ફરઝંદ મૌ.અલી ઝૈનુલ આબેદીન માં ઝાહિર થયું. એક વાર નસ્સ થઇ જાય પછી એ ઈલાહી નૂર બાવાજી પછી ફરઝંદમાં નાઝિલ થાયા કરે છે, મુન્તેકલ થાયા કરે છે. ✯

**મુમિનને તરછોડવાથી ગુનાહનો ખૌફ રહે છે.**

## રઝાએ ઈમામે હક્ક : કિસ્ત – ૧૩

**કિતાબ : તન્બીહુલ ગાફેલીન**

**દાઇ એ હક્ક : સૈ.હાતિમ મુહીયુદ્દીન સાહેબ (આ.કુ.)**

જે શખ્સ દુનિયા અને આખેરતની હકીકત જાણે છે અને ફિકર રાખે છે કે, આ દુનિયા માંથી રૂખ્સત થયા બાદ ક્યા હાલાત ગુઝરવાના છે, આઅમાલ અને નફસની શું કૈફીયત થાવાની છે, એ કોઇ વક્ત ગાફિલ અને બેદરકાર રહેશે નહીં. પોતે જાણે છે કે, હર શખ્સ યહાઁ દુનિયામાં કૈદી છે, ગુનાહોંથી ઘેરાયેલો છે, ગિરફતારે બલા છે, મૌતનો રાહી છે, ઘણી બધી નેઅમતોથી મહેરૂમ છે યા તો નેઅમતો વાસ્તે કાફિર છે, વક્તની બેસિબાતી-બેરૂખીનો શિકાર છે, મિઝાજમાં તબ્દીલી આવવાથી મજબૂર છે, આ તમામ ચીઝોના દરમિયાન એ શખ્સ એક શમ્અ, દીવો અને રોશનીની તલાશમાં રહે છે.

શમ્અ-રોશની એવી કે, દુનિયાની ના હોય. હરએકને માઅલૂમ છે કે, દુનિયાવી રોશની તો બુઝી જાનાર છે. લેહાઝા, એવી રોશનીની તલાશ કરે છે, જે અબદી-અઝલી, કાઈમી-દાઈમી, હમેશાની-મુસલસલ હોય. આ અબદી રોશની ઈમામે આલે મોહંમદ (અ.સ.) છે, જે સાહેબના હાથમાં નજાતની રસ્સી છે. ઉપર મઝકૂર દુનિયાના હાલાતથી કોઇ આમ શખ્સ નજાત-છુટકારો અપાવી શકે એમ નથી. **અલ્લાહતઆલાએ તય કીધેલા સાહેબ નજાતના ઝામિન બની શકે છે.** તો સાબિત થયું કે, જે શખ્સ ઈમામે હક્ક પર પોતાનું ઈમાન રાખતો હોય એ પોતાના ગુનાહોંની બખશિશ અને નજાતની ઉમ્મીદ રાખતો હોય છે. એક ઈમાનદારને પોતાના ઈમાનના સબબ આ દુનિયામાંથી એનો ખૈર અંજામ થાશે એનું યકીન જે વક્ત એને થઈ જાય, તો ઝરૂર એના વાસ્તે દુનિયાના મુશ્કિલમાં મુશ્કિલ ઊમૂર પણ સહેલ થઈ જાય છે.

મૌ.ઈમામ જાઅફર અસ-સાદિક (અ.સ.) એ ફરમાવું કે, "હમારા મુમેનીનના દુશ્મનો ઝમાનામાં ઘણા છે. કોઈ ઝાહિરમાં છે તો કોઈ છુપી રીતે છે. કોઈને હમેં હમારો સમઝીએ **મગર એ અંદરથી હમારો દુશ્મન હોય છે.** એવા શખ્સો હમારા પર નાહક્ક ઐબ લગાવે છે. હમેં તેઓ સાથે ભલાઈની ઉમ્મીદ રાખીએ છે, મગર તેઓ મુરૂવત ખાતિર રિશ્તો સાચવતા નથી. તેઓ હર વક્ત હમને બીજાની નઝરોમાં હલકા પાડવાની કોશિશ કરા કરે છે. તો હમારાથી આ મુજબ ગદ્દારીના સબબ અલ્લાહતઆલા તેઓને પોતાની રહેમતની હુકૂમત માંથી કાઢી મુકે છે અને તેઓને ઈબ્લીસ લઈનના શયતાની ચક્કરમાં નાંખી દે છે."

આપ મૌલાએ ઔર મઝીદ ફરમાવું કે, "અય મારા શીઆઓ ! તમેં યાદ રાખો કે, મુમિન બીજા મુમિનનો ભાઈ છે, **કેમકે તમારા માઁ-બાપ એક જ છે,** નબી અને વસી. તમેં સઘલા મુમિન છો, એકબીજાના ભાઈઓ છો. તમારા પર એકબીજાની મદદ કરવી લાઝિમ બની જાય છે. ખુદ અલ્લાહતઆલા તમારી મદદ કરવાને વાસ્તે મલાઈકત-ફરિશ્તાઓને મોકલી આપે છે. તમારા માંથી જે કોઈ પોતાના ભાઈને અડધા કલેમા-લફઝથી પણ મદદ કરશે, તો એ રૌઝે હશ્ર અલ્લાહતઆલા ની મુલાકાત કરશે અને તેની તજલ્લીને રૂબરૂ થાશે."

"આ વક્ત એ મુમિનની પૈશાની ચમકતી હશે. તમામ કરતા એનો ચહેરો ઝિયાદહ નુમાયા હશે. અલ્લાહની રહેમતથી એ ઉમ્મીદવાર હશે. એ અલ્લાહનો ખાસ બંદો છે, તેની નિશાની એની પૈશાની પર ઝાહિર થાતી હશે. એના વાસ્તે હાતિફ નિદા કરશે કે, અય લોગો ! તમેં જાણો છો કે, આ શખ્સને આટલી ફઝીલત શું કામ છે ? આ શખ્સ અલ્લાહતઆલાની કિતાબથી વફાદાર રહ્યો હતો. અલ્લાહના વલીનો પૈરોકાર રહ્યો હતો. **અલ્લાહની ખુશી સિવાયનો ખયાલ આઁખની એક મિચકાર બરાબર પણ એના દિલમાં આવો ન હતો.** એ અલ્લાહના ડરવાલો હતો. હર વક્ત ખૈરને તાબેઅ થાનારો હતો. આના સબબ એ આજે જીતી ગયો અને હશ્રના ખૌફથી આઝાદ થઈ ગયો." ✭

**મોબાઈલને બગૈર કોઈ સબબ ઈસ્તેમાલ કરવાથી ગુનાહનો ખૌફ રહે છે.**

# એક દિલચસ્પ અને ઈબરતનાક વાકેઓ

મગફેરતની કુરઆની આયત જે વક્ત નાઝિલ થઈ તો તમામ શયતાનો અને ઈબ્લીસોમાં ઝૈરો ઝબરી, ભગદડ મચી ગઇ. એક ઈબ્લીસ ઉઠો અને પોતાના ઈફરીતોને આ આયતનો મુકાબેલો કરવા તૈયાર કીધા, આમાદહ કીધા કે કઈ તરહ આ આયતને ખિલાફ બંદાઓ પર હમ્લાઓ થઈ શકે અને તેના મુજબ અમલ કરનાર બંદાઓને રોકી શકાય. આ બાબત હરએક ઈફરીતે પોત-પોતાની તજવીઝ પૈશ કીધી, મગર ઈબ્લીસને કોઈની પૈશકશ પસંદ ના આવી ! આખિરમાં વસ્વાસે ખન્નાસ નામના મોટા ઈફરીતની તજવીઝને પસંદ કીધી કે, બંદાઓને તરહ-તરહની ખતાઓ પર સવાર કરીને તેઓને ઈસ્તિગફારથી જ ગાફિલ કરી દેવામાં આવે.

અબ્દુર્રહમાન બિન ગનમ અદ-દૂસી બયાન કરે છે કે, એક હટ્ટોકટ્ટો, ખૂબસૂરત, તાઝા-બદન જવાન બોહલૂલ નબી સાહેબ (સ.અ.વ.વ.) ની મુલાકાત વાસ્તે આવો. મુસલસિલ ઝોર-ઝોરથી ઝારો કતાર રોવા લાગો. આપે એના રોવાનો સબબ પૂછો, તો જવાબ દીધો કે, **"યા રસૂલલ્લાહ ! મૈં એવા ગુનાહ કીધા છે કે, અલ્લાહ મને હરગિઝ મુઆફ નહીં કરે !"** આપે પૂછું કે, એવો તો તુંએ ક્યો ગુનાહ કીધો છે ? શું અલ્લાહનો શિર્ક કીધો છે ? શું તુંએ કોઈનું નાહક્ક ખૂન કીધું છે ? જવાને જવાબ માં કહ્યું કે, ના, આવા કોઈ અમલ મૈં કીધા નથી ! આપે ફરમાવું કે, "તું ફિકર ના કર, અલ્લાહની રહેમત પર યકીન રાખ, નાના ગુનાહોંને તે ઝરૂર મુઆફ કરી દેશે."

જવાન બોલો કે, "મારો ગુનાહ ઘણો જ મોટો છે. આસ્માનો, ઝમીનો, પહાડો યા દરીયાઓ, બલકે, અર્શ-કુરસી કરતા પણ મોટો છે. પણ મૈં ઈકરાર કરૂં છું કે, મારો રબ જે ગફૂર છે, રહીમ છે, સઘલી મોટી ચીઝો કરતા પણ મોટો છે." નબી સાહેબે ફરમાવું કે, "અલ્લાહ સિવાય કોઈ જ મુઆફ કરનાર નથી. અચ્છા, બતાવ તો સહી કે, તારાથી ક્યો ગુનાહ સરઝદ થયો છે ?

જવાને કહ્યું કે, યા નબીયલ્લાહ ! આ ગુનાહની ઝિક્ર કરવાથી મારી ઝબાન કાંપી રહી છે. મારૂં દિલ બેસી ગયું છે. મારો ચહેરો ફક થઈ ગયો છે. સાત સાલથી હું કબરોને ખોદીને તાઝા લાશો પરથી કફન અને બીજી ચીઝો નિકાલીને ચોરી કરૂં છું. આ મારી બદ-આદતનો માજરો ચાલતો હતો કે, એક દિન એક જવાન બૈરોની લાશને મૈં એની કબર માંથી બાહર નિકાલી અને એનું કફન લઈને મૈં જાવા લાગો. તો શયતાને મારા દિલ પર કબ્ઝો કીધો અને મને એ બૈરોની લાશ સાથે ઝિના કરવા પર આમાદહ કીધો. મૈં ઝિનાના બદ-અમલ પર સવાર થયો અને ત્યાંથી ચાલવા લાગો તો મારા કાન પર એક નિદા આવી. તે લાશ મને પુકારી રહી હતી કે, **"અય જવાન ! શું તારૂં ઝમીર મરી ગયું છે કે, તું મને આ હાલતમાં મુકી જાય છે ! તારી બેશરમીની આ હદ છે ! યૌમે કેયામત તું અલ્લાહને શું જવાબ દઇશ, તું કયા ચહેરે તારા રબનો સામનો કરીશ. "** આ સાંભલીને મારા હોશ ઉડી ગયા અને મૈં તે જગા પરથી નાસી ગયો અને તે બાદ કોઈ વાર મૈં કોઈની કબર ખોદી નથી. અફસોસ ! યા રસૂલલ્લાહ, આપ મારી આ બદ-ફેઅલી વાસ્તે શું ફરમાવો છો ?

નબી સાહેબે ખૂબ ગઝબનાક થઈને ફરમાવું કે, "અય ફાસિક, અય ઝાની ! તું મારાથી હમણા જ દૂર થઈ જા. મને ડર લાગે છે કે, તારા સબબ મૈં પણ હમણા જ આગમાં બલી જાવ ! મૈં જોઉં છું કે, તું જહન્નમ થી ઘણો જ કરીબ છે." વારંવાર નબી સાહેબે આ મુજબ ફરમાવું તો એ ગુનાહગાર શખ્સ બોહલૂલ ખોફઝદહ થઈને ત્યાંથી ફૌરન ચાલો ગયો. એના દિલ પર એ મુજબ સદમો થયો કે, પોતાનું ઘરબાર છોડીને જંગલ તરફ નિકલી ગયો. મહીનાઓ તક પહાડીઓમાં રખડવા લાગો અને એક જગા પર એક દરખ્ત સાથે પોતાના હાથોને ગલા સાથે બાંધીને ઝાર-ઝાર રોઈને આહો બુકા કરીને, અલ્લાહની બારગાહમાં ઈલ્તેજા કરવા લાગો કે, "અય મારા પરવરદિગાર ! આ તારો ગુનાહગાર બંદો બોહલૂલ તારા સામે મગલૂલ ઊભેલો છે યાઅની ગરદનથી હાથને બાંધીને મુઆફી નો તલબગાર છે. અય મારા રબ ! તું મને ઓલખે છે. **અય રબ ! મૈં નદામત કરૂં છું, શરમિંદા છું તે વાસ્તે કે મૈં બદકારી કીધેલી છે.**

(બકીયહ પેજ નં. ૧૦ પર)

**ગોશ્ત જમવાનું છોડવાથી ગુનાહનો ખૌફ રહે છે.**

(પેજ નં. ૯ નું બાકી)

મૈં ખરા દિલથી ઈસ્તિગફાર ચાહું છું. મૈં તારા નબી પાસે **"નાદેમન મુસ્તગફેરન તાએબન"**, ગયો મગર નબી મારા ઉપર ખૂબ ગઝબનાક થયા. અય મારા રબ ! તારા ઈસ્મે આઅઝમના કસમ, તારી જલાલત અને કરામતના વાસ્તાથી તું મને નાઉમ્મીદ ના કરજે. મારી દોઆને કુબૂલ કરીને તારી રહેમતથી મને મુઆફ કરી દે જે."

ગુનાહગાર મગલૂલ જવાન બોહલૂલ ૪૦ અય્યામ તક આ મુજબ આહોઝારી કરીને દોઆ કરતો રહ્યો, યહાઁ તક કે, જંગલના ચરિંદ, દરિંદ, પરિંદ એને ઘેરીને રોવા લાગા. એના ગમમાં અને દોઆમાં શરીક થયા. આખિરકાર ચાલીસમાં દિન એ બોહલૂલે દોઆ કીધી કે, "અય રબ ! તુંએ મારા મુતઅલ્લિક શું ફેસલો કીધો છે ? અગર તુંએ મને મુઆફ કીધો હોય તો તે બાબત તારા નબી ઉપર વહ્ય કર અને અગર તારી રહેમતથી મૈં ખાલી હોય, તો તું મને આ દુનિયામાં જ સખ્ત-તરીન અઝાબમાં મુબ્તેલા કર અને મને આખેરતની ફઝીહતી-શરમિંદગીથી બચાવી લે."

તે વાસ્તે અલ્લાહતઆલાએ નબી સાહેબને વહ્ય કરીને બયાન ફરમાવું કે, "જે લોગોએ ઝિના-બદકારી કીધી યા તે કરતા પણ ઝિયાદહ સંગીન યા શરમનાક ગુનાહ કરીને યા મૈયેતનું કફન ચોરીને પોતાની જાનો પર ઝુલ્મ કીધો. પછી અલ્લાહને યાદ કરીને તેનાથી મગફેરત-તલબી કીધી અને પોતાની ઝિદને મિટાવી દીધી." તો અલ્લાહતઆલાએ નબીને આગાહ કીધા કે, "અય મોહંમદ ! મારો મુખ્લિસ બંદો મને મુકીને કહાઁ જાય અને મારા સિવાય એના ગુનાહને કૌન મુઆફ કરે. તમેં યાદ રાખો કે, **એવા શરમિંદા ગુનાહગારોંની જઝા, મગફેરત અને જન્નતો છે. અ તરહ અમલ કરનારાઓનો અંજામ ખૈર છે.**"

આપ નબી સાહેબે શિતાબથી અસ્હાબના દરમિયાન આ વાકેઆ ની ઝિક્ર કીધી અને ફરમાને રબ્બાનીથી ખબરદાર કીધા. ઘણી તલાશો જુસ્તજૂ બાદ આપ એ ગુનાહગાર બોહલૂલ પાસે પહોંચા. આપને હમરાહ અસ્હાબ છે અને તમામ બોહલૂલની બદહાલી અને ઈન્કેસારી જોઈ છે. આપને જોઈને બોહલૂલ કહે છે કે, "અય પરવરદિગાર ! તુંએ મને ખૂબસૂરત બનાવો. મને ખબર નથી કે, તું મને જહન્નમમાં જલાવીશ કે તારી જન્નતમાં વસાવીશ. તારૂં અહેસાન તો મોટું છે, પણ મારા ગુનાહો ઘણા મોટા છે. ભલા ! તું મને બખ્શી દઈશ કે આગમાં જલાવીશ."

નબી સાહેબે એના પાસે જઈને એને પાની આપું અને અલ્લાહતઆલાના તરફથી એની મગફેરત અને જન્નતની ખૂશખબરી સંભલાવી. અસ્હાબે એના હાથોને ખોલી દીધા, એને આઝાદ કીધો. આપે ફરમાવું કે, "વધામણી લે કે, તું હવે જહન્નમથી આઝાદ છે. અલ્લાહે તારા ઉપર આગને હરામ કીધેલી છે. જા, દોબારહ તારા ઘર તરફ પલટી જા." તે બાદ, આપે અસ્હાબ તરફ જોઈને ફરમાવું કે, **"આ બોહલૂલની મિસિલ તમેં પણ તમારા ગુનાહોંને બખ્શાવી દો અને યહાઁ દુનિયામાં જ પાકો સાફ થઇ જાવ."** ☆

---

(પેજ નં. ૫ નું બાકી)

✤ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, તમને જો હસનત અને ભલાઈ જોઈતી હોય, અલ્લાહતઆલાથી નઝદીકી-કુરબત હાસિલ કરવી હોય તો ૪ ખસલતો ઈખ્તિયાર કરો : (૧) અલ્લાહની હર નેઅમત પર શુક્ર ના કલામ અદા કરો. (૨) સાઈલને જે બને તે સદકો આપો. છુપી રીતે આપો. સાઈલને બને ત્યાં તક રદ ન કરો. (૩) શરમ-હયાનું દામન પકડીને રાખો. તમારી તબીઅતમાં શરમ હશે તો ખૈર અમલથી તમને સુકૂન મીલશે અને બદ અમલ કરવાથી તમેં દૂર રહેશો. શરમ તો બૈરોનું આઅલામાં આઅલા ઝૈવર છે, જેમ અક્લ-તેહઝીબ મરદોનું ઝૈવર છે. (૪) શરીઅતના હલાલ-હરામને નઝર ના સામે રાખો. શું કરવું અને શું ન કરવું તેનો હોશ જો તમારામાં હશે તો કોઈ વક્ત તમેં રાહે હક્કથી ભટકી નહીં જાવ. ☆

**ગલત મશ્વરો આપવાથી ગુનાહનો ખૌફ રહે છે.**

## ગુલ્શને ફિકહ – શરીઅતનું હલાલો હરામ
### બીમારીની ઝિક્ર - કિસ્ત - ૧૨

જાનકુની-એહતેઝારના વક્ત કોઇ શખ્સે મુખ્લિસ વાસ્તે મૌત આવવાનું યકીન થઇ જાય અને ઇન્તેકાલને ચંદ ઘડીઓ બાકી હોય, તો ત્યાં એના નઝદીક હાઝિર લોગો પર એના વાસ્તે ગુનાહોંની મગફેરત અને રહેમતે ખુદાવંદીની દોઆ કરવી વાજિબ થઇ જાય છે. જેના સબબ દુનિયામાંથી એનું જાવું રઝા અને રિઝવાનના સાયામાં થઇ જાય.

મૌ.અબુ ઝર અલ-ગફ્ફારી (રિ.અ.) થી રિવાયત છે કે, "હું રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ના બિસ્તર નઝદીક આપના હુજરામાં હતો તે આપની બિમારીનો વક્ત કે, જેમાં આપ આ દારે ફાનીથી ઇન્તેકાલ કરી ગયા. વફાતના થોડા અરસા પહેલા આપે મને ફરમાવું કે, "અય અબા ઝર ! મારા પાસે આવો કે, જેથી મૈં તમારા ટેકાથી બેસી જાવ." હું આપ નબી સાહેબના નઝદીક ગયો, તો આપ મારા સીનાનો સહારો લઇને બેસી ગયા. આ વક્ત તક મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) હુજરએ નબવીમાં દાખિલ થયા. આપે નબી સાહેબ પર સલામ પઢો. નબી સાહેબે મને ફરમાવું કે, **" અય અબા ઝર ! હવે તમેં ઉઠી જાવ, કેમકે, મારા અલી આ જગાના તમારા કરતા ઝિયાદહ હક્કદાર છે. "** તે પછી, હું ઉઠી ગયો અને મૌ.અલી તે જગા પર નબી સાહેબને ટેકો આપીને બેસી ગયા. નબી સાહેબ આ જ તરહથી મૌ.અલીના સીનાના સહારે બેસી રહ્યા."

તે પછી નબી સાહેબે મને ફરમાવું કે, તમેં અય અબા ઝર ! મારા સામે બેસો. આપે જે જગાનો ઈશારો કીધો હતો ત્યાં હું જઇને બેસી ગયો. આપે મને ફરમાવું કે, તમેં તમારા હાથની ગાંઠ બાંધતા જાવ, યાઅની ખૂબ-ખૂબ યાદ રાખો કે,

- ➙ જે શખ્સનો ખાતેમો-મૌત **" લા ઇલાહા ઇલ્લલ્લાહ "** ની શહાદત-માઅરેફત પર થાશે, એ જન્નતમાં દાખિલ થાશે.
- ➙ જે શખ્સનો ખાતેમો **રાહે હક્કમાં જેહાદ** કરવા ઉપર થાશે અગર એને થોડા વક્ત વાસ્તે જેહાદ કીધી હશે, તો પણ એ જન્નતમાં દાખિલ થાશે. યહાઁ થોડી વાર યા વક્તની મિકદાર ઊંટણીના આંચલમાંથી દૂધની એક ધાર નિકલે અને પછી રૂકી જાય તે છે. યા કે મૌતના કરીબ કોઇ આખિરી સાંસ લેતો હોય, થોડી રમક બાકી હોય, તે છે.
- ➙ જે શખ્સનો ખાતેમો કોઇ **મિસ્કીનને જમન** જમાડવા પર થાશે, એના સવાલને પૂરો કરશે, એને ખુશ કરશે યા બનતી મદદ કરશે, તો એ જન્નતમાં દાખિલ થાશે.
- ➙ જે શખ્સનો ખાતેમો **હજ્જે બયતુલ્લાહ**ની સફર દરમિયાન વતનથી દૂર રાહે ખુદામાં થાશે, તો એ જન્નતમાં દાખિલ થાશે.
- ➙ જે શખ્સનો ખાતેમો **જાન-માલની તહારત** પર થાશે, નાપાકી-કદૂરત-ગલાઝતને છોડીને પાકીઝગી પર થાશે, સાફ-શફ્ફાક સીરતો સૂરત પર થાશે, તો એ જન્નતમાં દાખિલ થાશે."

આ તરહના મફીદ કલામ આપે મૌ.અબૂ ઝરને ફરમાવા અને તેના શાહિદ મૌ.અલી સાહેબે ઝુલફિકાર (અ.સ.) છે. જો આ તમામ ચીઝો પર કોઇ મુખ્લિસ મુમિન નઝર કરે અને તે મુજબ પોતાના આઅમાલને ઢાલે, ઝિંદગીને બનાવે, દૌલતને ખર્ચ કરે તો યકીનન એની ઝિંદગી એક મિસાલી અને આઅલા-તરીન ઝિંદગી બની જાય. જે વક્ત એનો ખાતેમો થાય, તો એના દામનમાં ખૈર જ ખૈર હોય અને નદામતનો એક શમ્મા બરાબર પણ મુકાબેલો નહીં કરવો પડે. આ તરહની મૌત **અલ-ખાતેમતો બિલ ખૈર** કહેવાશે. ✯

**જમનનું ઈઝન ઠુકરાવવાથી ગુનાહનો ખૌફ રહે છે.**

**૨૯ માં સિરાજુમ્મુનીર શહીદે આઅઝમ સૈ.વ.મૌ. શમ્સુદ્દુનિયા વદ્દીન અલી બિન સૈયદી ઈબ્રાહીમ સાહેબ (આ.કુ.) ની ઝિક્રે ખૈરના ચંદ બંદ**

**ઉર્સ : ૨૩ ઝુલ કાઅદહ**

**સાલે શહાદત : હિ.૧૦૪૬**

**જાએ શહાદત : સરસપુર, અહમદાબાદ**

અલ્લાહ અલ્લાહ ક્યા સુહાન હે યે નૂરાની સમા,
યે ઝમીં ક્યૂં હો ગઈ હે આજ રશ્કે ગુલસિતાં,
તક રહા હે ઈસ જગા કો શૌક સે યે આસ્માં,
દેખ કર હોતા હે જિસકો આજ જન્નત કા ગુમાઁ,
જિસ તરફ ભી દેખીએ એક નૂર કી બરસાત હે,
દિન સે કુછ ઝિયાદહ મુનવ્વર આજ કી યે રાત હે.
ક્યૂં ન બરસે આજ કે દિન રહેમતે હક્ક કા સેહાબ,
હો રહેં હૈં ઈસ જગા આ કરકે હરએક ફૈઝયાબ,
ખુલ્દ સે આ કર મલાઈક હો રહેં હૈં દિલ કબાબ,
નૂર કા મખ્ઝન હે ચહેરા જો હે મજલિસ મેં શબાબ,
ક્યૂં ન હો હે ઉર્સ એૈસે મરદે હક્ક, હક્કબીન કા,
યાઅની આઅલી મરતબત સૈયેદના શમ્સદ્દીન કા.
ઝાતે આલી મરતબત ઝીશાન સાહેબ ઝી વકાર,
રહેબરાને મિલ્લતે અલવી કે ગોયા તાજદાર,
પાક તીનત, પાક સીરત, પાક સૂરત નૈકોકાર,
હક્કપરસ્તો હક્કનુમા હક્કાનીયત કે શાહકાર,
ઈલ્મો હિકમત કી મુકમ્મલ આપ થે ગોયા કિતાબ,
એૈસી હસ્તી કા ઝમને મેં કહાઁ કોઈ જવાબ.
થે વો આલિમ બાઅમલ ઔર કૌમ કે થે ગમગુસાર,
જિનકી હસ્તી થી જમાઅત કે લીએ સદ ઈફતેખાર,
ઈઈ ક્યા સારી જમાઅત પર થા ઉનકો ઈક્તેદાર,
ક્યૂં ન આએ ફિર ઝબાઁ પર નામ ઉનકા બાર બાર,
વો મોહબ્બત, વો મુરૂવત, વો સખાવત આપકી,
થી બિલાશક કૌમ કે દિલ પર હુકૂમત આપકી.
સીરતો અખલાક ઔર કિરદાર જિનકા પાક-તર,
દેખતે હૈં અબ તલક આયા નહીં ઉનસા બશર,
ઉનકે ઔસાફે હમીદહ કોઈ પૂછે ભી અગર,
આપકે હાલાત કા ઈતના હે કિસ્સા મુખ્તસર,
સાહેબે ઈઝ્ઝો તવક્કુલ સાહેબે સબરો રઝા,
આખરી દમ તક રહે બન કર નમૂના ખુલ્ક કા.
ક્યા બયાઁ અહેવાલ હો રૌશન યે સબ હઝરત કા હાલ,
ઈલ્મે દીં મેં ઈસ કદર થા અપકો હાસિલ કમાલ,
વઅઝ ઔર તરઝે બયાઁ મેં આપ અપની થે મિસાલ,
રાત-દિન રહતા થા દિલ મેં કૌમો મિલ્લત કા ખયાલ,
નૌશ ફરમાયા રહે હક્ક મેં શહાદત કા હે જામ,
હશ્ર તક રોશન રહેગા આપકા દુનિયા મેં નામ.
બાદ મૌલા કારે દાઅવત પર હે હાતિમ પુર ઝિયા,
કૌમે અલવી કે બિલાશક હૈં યે હઝરત રહેનુમા,
મરતબા આઅલા સે આઅલા ઈનકા મૌલા ને દીયા,
હો બલંદ ઈકબાલ યા રબ ઈનકા બહેરે મુસ્તફા,
જોહલ કે ઝુલ્મત-ગદા મેં મિસ્લે રોશન દિન હૈં યે,
દીન મેં હો રોશની ઉસ ઈલ્મ કે ખાઝિન હૈં યે.
ફૂલ કુછ ગુલ્શન કે ઈનકે મૈં અકીદત કે ચુનું,
દામને ઉમ્મીદ ઉન ફૂલોં સે મૈં અપના ભરૂં,
ક્યા બયાઁ તાઅરીફ મુન્શી ઈસ ઘરાને કી કરૂં,
ક્યા બિસાત અપની હે કૈસે ઈન સિતારોં કો ગિનૂં,
દિલ મેં ઉલ્ફત ઉનકી હે ખામોશ રેહ સકતા નહીં,
ફિર ભી કહેના ચાહીએ જિતના વો કેહ સકતા નહીં. ☆


**તિજારત**

**Ismat Tinwala (MA, B.Ed.)**

**25 Years** of Proficiency in Sanskrit, Hindi & Gujarati Subjects.

**8th to 12th (GSEB, CBSE, ICSE)**

**A2/103, Ali Chamber-1, 1st Floor, Taiyebi Park, Ajwa Road, Vadodara - 390019.**

**Ph.: 09409156524** ☆


**વુઝૂની હાલતમાં ના રહેવાથી ગુનાહનો ખૌફ રહે છે.**

## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસૂલ ખાસ
## મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) – કિસ્ત : ૩૪ - અપની ઝબાન

અસ્હાબે કિરામ માંસી, રસૂલુલ્લાહ બાવાજી પિદરે ઈસ્લામ સી ઝિયાદહમાં ઝિયાદહ નઝદીક જે સાહેબ હતા એ મૌ.સલમાનુલ ફારસી (રિ.અ.) હતા અને આપ મૌલાના અલી માદરે ઈમાનના પન ઈતલા જ ચહેતા હતા. આપ હર વક્ત નબી સાહેબ પાસે નસીહતની અરઝ કરતા અને તેના બદલામાં આપ નબી સાહેબસી ઈલ્મો હિકમતના મોતીઓ હાસિલ કરતા. કેયામતની નિશાનીઓનું ઈલ્મ પન આપે એ જ તરહ હાસિલ કીધું. ઈલ્મ બી કિવું કે, હર ઝમાન, હર કૌમ અને મઝહબ વાસ્તે સાચું હોય, મુનાસિબ હોય. નબી સાહેબે ફરમાવું કે, અય સલમાન ! તમેં યાદ રાખો કે, જે વક્ત કેયામત કરીબ થાસે તો,

- ➡ રહેમતે ઈલાહી કમ થઈ જાસે, યાઅની વરસાદ ઓછો પડશે, પાનીની તંગાસ ઉભી થાસે. લોગોમાં લૂંટફાટ થાસે. દુકાલની ખૌફનાક સૂરત પૈદા થાસે.
- ➡ આ જ મુજબ નૈક લોગો, દીનદારો અને આલિમોની અછત થાસે. ઝાલિમ, જાહિલ, હરામી, મક્કાર, લાલચી અને જૂઠા લોગો તેઓ પર હાવી થઈ જાસે.
- ➡ ગરીબ લોગોની સરેઆમ બેઈઝઝતી કરવામાં આવસે. તૌહીન થાસે અને જાનવરો જિમ સુલૂક કરવામાં આવસે.

આ નિશાનીઓ આજે હમારી નઝરસી દૂર નથી. હમને ખબર છે કે, ઝમાનાનો રૂખ કઈ તરફ છે અને ઉપર ઝિક્ર થયેલી નિશાનીઓ વાસ્તે લોગોનો રવૈયો કઈ તરહનો બની ગયોચ. હમેં જોઈએચ કે, પીવાના પાની વાસ્તે હર જગાસી કઈ તરહ બુમો ઉઠી રહીચ અને તે વાસ્તે હર કોઈ પરૈશાન થઈ રહ્યાચ. દરખ્તો ઓછા થઈ રહ્યાચ, જંગલો કપઈ રહ્યાચ, નદીઓ પર બંધો બંધઈ રહ્યાચ, નદીઓ સુકઈ રહીચ, લોગો પાનીને ઝાયેઅ કરી રહ્યાચ અને સાથે-સાથે કુદરત પન તેનો રંગ બતાવી રહીચ. વરસાદ કાંતો ઘનો ઓછો પડી રહ્યોચ કાંતો હદસી ઝિયાદહ આવી રહ્યો. **મૌસમ ડામાડોલ થઇ રહીચ, તેનો કઇ ભરોસો રહ્યો નથી.** જો હમેં પાનીને નઈ સાચવીએ તો મુસ્તકબિલનો વક્ત હમારા વાસ્તે મશક્કત ભરો અને પુરખતર થઈ જાસે.

કેયામતની બીજી નિશાની હમને એ યાદ અપાવેચ કે, જિમ મીઠા-પાક પીવા લાયક પાનીની અછત ઉભી થાસે, તિમ ઈલ્મ, હક્ક અને પરહૈઝગારીના સાહેબોની અછત પન ઊભી થાસે. પૈસાદાર, જાહિલ, દેખાવ કરનાર શખ્સોને લોગો પોતાના રઈસો બનાવી લેસે. સાચા દીનને મુકીને મનગમતી ચીઝો કરતા થઈ જાસે. કુરઆનની તાઅલીમાત સાથે ખિલવાડ કરસે. **દીને હક્કના આલિમોને એક કોના-ગોશામાં બેસાડી દેસે.** પૈસા, શોહરત અને તમાશાની ઝબાન ચાલસે, મગર આલિમોની ઝબાનોને ચુપ કરી દેવામાં આવસે. નાદાની, બેઅદબી, બેહયાઈ અને ઉછાછરાપનું ચઢી-ચઢીને બોલસે, મગર સંજીદગી, પરહૈઝગારી અને શાઈસતગી પડદા પાછલ પોશીદા થઈ જાશે. જાહિલો કઈ બોલસે તો વાહ-વાહ થાસે અને સાચા લોગોના કલામને બેમાઅના સમઝીને પીઠને પાછલ નાંખી દેવામાં આવસે.

ગરીબ લોગોની હાલત તો હમેં બધા જાનીએ જ છે. મગર ઝિયાદહમાં ઝિયાદહ દિલના તવંગર આ જ ગરીબ શખ્સો હોઈચ. ફૈયાઝ અને દિલના કુશાદા હોઈચ. તેઓ પાસે કઈ હોતું નથી મગર બીજાને આપવામાં માનેચ. દુનિયાદાર દૌલતમંદની નઝરમાં ભલેને તેઓ ગરીબ છે, મગર એ આ વાતની હકીકત નથી જાનતો કે, કોઈ ગરીબની દૌલતનો હિસ્સો એના પાસે પડેલોચ અને કાલે તે એના પાસેસી ચાલો જાસે. જેને આજે એ ગરીબ હકેચ એ શખ્સ કાલે અમીર બની જાવાનોચ અને એની ખુદની અમીરી ગરીબીમાં તબ્દીલ થઈ જાવાનીચ. **અલ્લાહતઅલાનો ઇન્સાફ હર**

(બકીયહ પેજ નં. ૧૪ પર)

**બેવજહ ગુસ્સો કરવાથી ગુનાહનો ખૌફ રહે છે.**

## અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૩૨
## અલવી અકીદાઓ - અકીદો - ૪૮

**અકીદો -૪૮ : અહદ-મીસાક પૂરો કરનાર ઘણો ફઝીલતવાલો છે.**

હમારો આ પુખ્તા અકીદો છે કે, અલ્લાહતઆલા જલ્લા શાનોહુ જે શખ્સ અહદ મીસાકની, તેની અને તેના રસૂલની તાઅત કીધા બાદ અને એહકામે શરીઅતને તસ્લીમ કરવા બાદ, વફાદારી કરે, એ શખ્સને મોટો અજર અને અઝીમ સવાબ અતા કરશે. અલ્લાહ એને એવા આઅમાલની તૌફીક આપશે, જેનાથી એને નજાત હાસિલ થાશે. અલ્લાહ એને એના નામૂસ, શરીઅત અને દીને હક્કના પોશીદા ઈલ્મોથી આગાહ કરશે. બીજાના ઉપર એને રાહનુમા-હાદી બનાવશે કે, જે નજાતના રસ્તા પર એ કૌમને લઈ જાશે. આના સબબ એ લોગો પર ફૌકીયત-બરતરી હાસિલ કરશે.

અલ્લાહતઆલા એની તરફ લોગોના દિલોદિમાગ ને માઈલ કરશે કે, જેઓ એની સિફતો સના કરશે અને એની દોઆ-કૌલ લોગોમાં મકબૂલ થાશે. કેમકે, આ માઅરેફત, અલ્લાહ તરફથી એના ઉપર સકીનત નાઝિલ થાવું છે. એના તરફથી ફત્હે કરીબ મિલવું છે અને હર મુશ્કિલ વાતોમાં કામિયાબ અને હાવી થાવું છે.

અલ્લાહતઆલા એ લોગોને વકાર અને ઈઝઝત આપે છે અને હર બંધ તાલાઓ તેના પર ખોલી દે છે. અલ્લાહતઆલા સૂરતુલ ફત્હમાં ફરમાવે છે કે, અહદને પૂરો કરવાનો અજરે અઝીમ તે આપે છે અને કોઈ શખ્સ અહદ પૂરો કરે અને તેનાથી ડરે તો એ અલ્લાહનો મહેબૂબ રહેશે. એ શખ્સ ઊલુલ અલ્બાબ યાઅની અકલવાલાઓની ફહેરિસ્ત અને જમાઅતમાં શામિલ થાશે. આ અકલવાલાઓ તે છે કે, જે અહદને હર હાલતમાં સાચવે છે. તેને ઝાયેઅ યા તબ્દીલ નથી કરતા અને તેની હુદૂદ-શરતોને કાઈમ કરે છે અને અલ્લાહના કોઈ અમરની નાફરમાની નથી કરતા પણ એ જ અમલ કરે છે કે, જેનું અલ્લાહતઆલાએ ફરમાન કીધું હોય. **આ સિફતના લોગોની તાઅરીફ અલ્લાહે અસ્હાબે યમીનથી કીધી છે.**

યમીન, કસમ ખાવાના માઅનામાં છે અને આ સિફત તે લોગો વાસ્તે છે કે, જેઓ કસમ ખાતી વક્ત તેઓના હાથથી મીસાક લેનાર સાહેબના હાથ મિલાવે છે, જેને મુસાફહો કહેવાય છે. અલ્લાહતઆલા આ તરહથી મીસાક આપનાર પર સલામ પઢે છે અને જે લોગો જૂઠ કહે છે અને મીસાકને જુઠલાવે છે, તે લોગો ગુમ્રાહ થયેલા અને ગુમ્રાહ કરનારા હોય છે. અહદને વફા કરવાવાલી જમાઅત તેઓના ઈમાન પર સાબિત રહે છે અને તેઓ જ નજાતની સીડી પર ચઢનાર હશે. તે લોગોને કેયામતના દિન અઝાબે ઈલાહીના ખૌફથી અને ધ્રુજારીથી અમનો અમાન હશે અને જે લોગો મીસાક પર સાબિત નહીં રહે, તે લોગો હૈરતમાં પડી જાશે અને હવા-નફસીના શિકાર થઈ જાશે. જે લોગો તાકીદન અહદ-વચન આપા મુજબ આઅમાલ બજા લાવે છે તેઓની નફસને અલ્લાહતઆલા બલંદી બખશે છે અને તેઓના ઘરોમાં ઈમાની ઝિંદગીની લઝઝત સાથે ખૈરો બરકતનું પડોશપણ હાસિલ કરે છે. બેશક ! આ જ લોગો હિઝબુલ્લાહ છે અને હિઝબુલ્લાહ ફૌઝ-ફલાહ પામનાર છે. ✭

---

(પેજ નં. ૧૩ નું બાકી)

**વક્ત અને હર જગા કાઇમ છે.** તે બંદાઓની રોઝીની તકસીમ ઈન્સાફ સી કરી આપેચ. રોઝી આવેચ અને જાઈચ, તે ફિરતી રહેચ. તો હમારા માંસી હર કોઈ પર લાઝિમ છે કે, અમીરીમાં અલ્લાહનો શુક્ર કરે અને ગરીબી-તંગાસમાં તેના વાસ્તે સબર કરે. રોઝી હર બંદા વાસ્તે આવસે ને આવસે જ. કોઈના વાસ્તે જલ્દી છે તો કોઈના વાસ્તે મોડી છે. હરએક બંદાને બીજાની ઈઝઝત કરવી જોઈએ. ગરીબને દૌલત ના હોવાસી ઝિલ્લત ના મિલવી જોઈએ અને દૌલતમંદને પૈસા હોવાસી ગૈર-ઝરૂરી બઢાવો ના મિલવો જોઈએ. ✭

**મસ્જિદમાં જાવાની આદત ના રાખવાથી ગુનાહનો ખૌફ રહે છે.**

## મરસીયહ :
## ફરઝંદાને મૌ.મુસ્લિમ (અ.સ.)

જબ ક્ત્લ હુવા એલચીએ સૈયેદેવાલા,
બચ્ચોં પે અજબ હાદેસા તકદીરને ડાલા,
કોઈ ન યતીમોં કા રહા પૂછનેવાલા,
થે નન્હે સે સીનો મેં કલેજે તહો બાલા,
ગૈસૂ ભી પરશાન થે કુરતે ભી ફટે થે,
ખુરશીદ સે મૂઁહ ગરદે યતીમી સે અટે થે.
પરદેશ મેં માઅસૂમોં કા દુશ્મન થા ઝમાના,
ન બેઠને કી જા થી, ન રહેને કા ઠિકાના,
બિન બાપ કઈ રોઝ સે ખાયા થા ન ખાના,
તકદીર મેં ગમ ખાના થા યા અશ્ક બહાના,
સહેમે હુવે આપસ મેં યહીં કહેતે થે અકસર,
સાથ આએ થે અફસોસ ચલે બાપ કો ખોકર,
યે કહેતે થે ઔર રોતે થે વો હિજરે પિદર મેં,
તસ્વીરે અજલ ફિરતી થી દોનોં કી નઝર મેં,
થા શોર મુનાદી કા યે હર રાહ-ગુઝર મેં,
બેટોં કો ન મુસ્લિમ કે છિપાએ કોઈ ઘર મેં,
બતલા દે કિસી હુજરે મેં ગર બંદ હૈં દોનો,
હાકિમ કે ગુનાહગાર કે ફરઝંદ હૈં દોનો.
હર નાકે પે થા હુક્મ યે ઉન દોનોં કી ખાતિર,
હાકિમ યે ચાહતા થા કે હો જલ્દ વો હાઝિર,
ઔર ફિરતે થે હયરાઁ વો મદીને કે મુસાફિર,
કોઈ ન મદદગાર થા, ના હાફિઝો નાસિર,
ફિરતી થી અજલ સાથ જિધર જાતે થે દોનોં,
ઝોંકા હવા કા ચલતા તો ડર જાતે થે દોનોં.
ઉતને મેં નઝર આ ગઈ એક પીરેઝન નાગાહ,
શૌહર કી વો આને કી ઘડી દેખતી થી રાહ,
યૂં કહેને લગે ઉસ સે બસદ અજઝ વો ઝીજાહ,
એક દોપહર ઈસ ઘર મેં અમાઁ દો હમેં લિલ્લાહ,
માઅસૂમ હૈં, હમ બેવતનો ઝારો હઝીં હૈં,
મઝલૂમ હૈં, સૈયેદ હૈં, ગુનાહગાર નહીં હૈં.
દોનોંને બમિન્નત જો કહા ઉસ સે યે રો - રો,
થી મુમેનહ, રહેમ કી નઝર આ ગઈ ઉસકો,
કહેને લગી મૈં તુમકો છુપા રખ્ખુંગી જો હો,
મૈં સદકે ગઈ આઓ મેરી બીબી કે પ્યારો,
મહેમાઁ હુએ જા કર સિતમ-ઈજાદ કે ઘર મેં,
દોનો કો અજલ લે ગઈ જલ્લાદ કે ઘર મેં.
ખાના ભી ન ખાયા, ન પિયા દોનોં ને પાની,
ઔર સોએ બહમ મુસ્લિમે મઝલૂમ કે જાની,
વો નિંદ ન થી મૌત કી ગોયા થી નિશાની,
દરવાઝે પે આ પહોંચા ઉધર ઝુલ્મ કા બાની,
ચિલ્લાયા ઝઈફા કો યે ઝન્જીર હિલા કર,
કોસોં કા થકા આયા હૂં દર ખોલ દે આ કર.
ઉસ તૈશ મેં ખાના ભી ન જલ્લાદને ખાયા,
ફિર ખ્વાબે અજલને ઉસે બિસ્તર પે ગિરાયા,
બાકી થી જો કુછ રાત તો ફિર હોશ જો આયા,
ઈબ્લીસ ને સોતે હુએ ફિત્ને કો જગાયા,
ફૂલોં કી મહેક હુજરે સે દાલાન મેં આઈ,
આવાઝ ભી કુછ રોને કી ફિર કાન મેં આઈ.
તારીક, મિસાલે દિલે કાફિર થા વો સબ ઘર,
હર સૂ વો જફાકાર લગા ઢુંઢને ઉઠ કર,
ઝાલિમને સિરાહને સે લિયા હાથ મેં ખંજર,
પકડે હુએ દીવાર ગયા હુજરે કે અંદર,
વાઁ મુસ્લિમે મઝલૂમ કે પ્યારે નઝર આયે,
એક બુર્જ મેં દો અર્શ કે તારે નઝર આએ.
જિસ વક્ત નમૂદાર હુએ સુબ્હ કે આસાર,
દરિયા પે ચલા લે કે યતીમોં કો જફાકાર,
ચિલ્લાઈ ચલી પીછે ઝઈફે જિગર-અફગાર,
બિન બાપ કે બચ્ચેં હૈં યે ઝાલિમ ન ઈન્હેં માર,
(બકીયહ પેજ નં.૧૬ પર)

**સચ્ચાઈને વક્ત પર ના બોલવાથી ગુનાહનો ખૌફ રહે છે.**

(પેજ નં. ૧૫ નું બાકી)

ક્યૂં ફાતેમા ઝહરા કો રુલાતા હે કફન મેં,
દો ફૂલ તો રહેને દે મોહંમદ કે ચમન મેં.
બચ્ચોં કો લિએ નહેર પે પહોંચા જો વો બેપીર,
ઔર દેખી યતીમોં ને ચમકતી હુઈ શમ્શીર,
દિલ હિલ ગએ થર્રાકે યે કી દોનોં ને તકરીર,
કર રહેમ કે માઅસૂમ હૈં હમ બેકસો દિલગીર,
મઝલૂમ હૈં, હામી કોઈ મુશ્કિલ મેં નહીં હે,
ઝાલિમને કહા રહેમ મેરે દિલ મેં નહીં હે.
નાગાહ ચલી ઝુલ્મ કી તલવાર બડે પર,
બાલાએ ઝમીં કટકે સિતારા સા ગિરા સર,
દરિયા મેં સિતમગાર ને ફેંકા તને અત્હર,
ચિલ્લાકે યે છોટે ને કહા હાય બિરાદર,
દેખા જો બડે ભાઈ કા સર દસ્તે અદૂ મેં,
વો ગિરકે તડપને લગા ભાઈ કે લહૂ મેં.
આયા જો શકી તૈગ કો લે કરકે દોબારા,
ચિલ્લાને લગા ભાઈ કો વો ભાઈ કા પ્યારા,
માદર કો પુકારા, કભી બાબા કો પુકારા,
જલ્લાદ ને તન પર સે સર ઉસકા ભી ઉતારા,
ધબ્બા ભી ન ખૂઁ કા લગા શમ્શીરે અદૂ મેં,
ભાઈ કા લહૂ મિલ ગયા ભાઈ કે લહૂ મેં.✯

**અલી હૈં કલ્બ મેરે, જિસ્મ મેરે, જાન અલી હૈં,**
**મુઝ બેસરો નાચાર કે સામાન અલી હૈં,**
**ઈમાન કે સરતાજ હો, ઈસ્લામ કી તૌહીદ,**
**ઈમાન તો યે હે મેરે ઈમાન અલી હૈં.**

## પૈગામે મસર્રત

**કારેઈન સાલેહીન ને ઝુલ હિજ્જતિલ હરામ મહીનાની બે ઈદો - ઈદુઝ્ઝબીહત (૧૦મી તારીખ) અને ઈદુલ વલાયત (૧૮મી તારીખ) ની ઈબાદત, નેઅમત અને સઆદતની ખુશી-ખુર્રમી મુબારક થાય. ઝબીહત અને વલાયત તે મીસાકનો અહમ હિસ્સો છે. આ ઈદની મસર્રત તે છે કે, જેમાં મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની દરજએ વસાયત પર કાઈમ-મકામી અને તાજપોશી હમારા દીન અને ઈમાનની બલંદીનો સબબ બનેલી છે.** ✯

અલી બગૈર કોઇ બુતુરાબ હો ન સકા,
યે વો સવાલ હે જિસકા જવાબ હો ન સકા,
બહુત સે હાફિઝો કારી બને મગર કોઇ,
અલી સા આમિલે ઉમ્મુલ કિતાબ હો ન સકા.

**નોંધ :** મુમેનીનના ઘરોમાં અસ-સહીફતુલ અલવીયહ, અસ્હાબુલ યમીન, કિતાબુલ વસાયા, અલવી અકીદાઓની કિતાબ અને A Neo-Fatemid Treasury of Books (Olly Akkerman) કિતાબો હોવી ખૂબ ઝરૂરી છે કે જેની તફતીશ મીસાક યા નિકાહની અરઝ પહેલા કરવામાં આવશે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.



Private Circulation For **Isma'ili - Taiyebi - Alavi Bohra Mumineen** Only.